**માનનીય અધ્યક્ષ શ્રી,**

**વિશ્વકર્મા યોજના**

- **70 માં સ્વતંત્ર દિવસના અવસર પર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લાલ કિલ્લા પરથી દેશવાસીઓને વિશ્વકર્મા યોજના શરૂ કરવાનું વચન આપ્યું હતું તે વચન 17 સપ્ટેમ્બર, 2023ના ઐતિહાસિક દિવસ વિશ્વકર્મા પૂજન દિવસ અને વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ નિમિત્તે પીએમ વિશ્વકર્મા યોજના રાષ્ટ્રને સમર્પિત કરી છે.**
- પરંપરાગત રીતે કામ કરતા કારીગરોને હેન્ડ ટુ હેન્ડ સહાય પૂરી પાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.
- માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વનો ડંકો આજે સમગ્ર વિશ્વમાં વાગ્યો છે, ત્યારે આવનારા વર્ષો સુધી દેશ અને દુનિયામાં તેમના યશસ્વી યોગદાનનો લાભ મળતો રહે તેવી પ્રાર્થના કરું છું. **શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સર્વજન હિતાય સર્વજન સુખાયના સુશાસન મંત્રને હું વંદન કરું છું.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- આપણે ત્યાં વેદોમાં કહેવામાં આવ્યું છે– **"યો વિશ્વં જગતં કરોત્યેસે સ વિશ્વકર્મા"** એટલે કે, જે સમસ્ત સંસારની રચના અથવા તેની સાથે સંકળાયેલું નિર્માણ કાર્ય કરે છે, તેને **"વિશ્વકર્મા"** કહેવામાં આવે છે.
- **ભગવાન વિશ્વકર્મા દેવતાઓના શિલ્પકાર છે. શિલ્પકાર એટલે જન્મજાત** By Birth **એન્જીનિયર. દેવી–દેવતાઓના ભવન, મહેલ, રથ, હથિયારોનું નિર્માણ વિશ્વકર્મા જ કરતાં આવ્યા છે. આ ઉલ્લેખ પુરાણોમાં જોવા મળ્યો છે.**
- વિશ્વકર્માએ પોતાના હાથે અનેક રચનાઓ કરી હતી. તેમણે લંકા, દ્વાપર યુગમાં કૃષ્ણનું શહેર દ્વારકા, પાંડવો માટે ઈન્દ્રપ્રસ્થ શહેર અને હસ્તિનાપુર અને લંકાનું નિર્માણ કર્યું હતું.
- **એકવાર ભગવાન વિશ્વકર્માએ અસુરોથી પરેશાન દેવતાઓની વિનંતી પર મહર્ષિ દધીચિના અસ્થિમાંથી દેવતાઓના રાજા ઈન્દ્ર માટે વજ્ર બનાવ્યું હતું. આ વજ્ર એટલું શક્તિશાળી હતું કે તમામ અસુરોનો નાશ થયો હતો.**
- **અંગ્રેજો દ્વારા હાવડા નદીના નિર્માણનું કામ** 17 **સપ્ટેમ્બરના દિવસે વિશ્વકર્મા પૂજન બાદ કરવામાં આવ્યું હતું. ત્યારથી** 17 **સપ્ટેમ્બરને વિશ્વકર્મા પૂજન દિવસ તરીકે ઓળખાય છે.**

## પીએમ વિશ્વકર્મા યોજનાનો હેતુ

- આ યોજનાનો મુખ્ય હેતુ **કારીગરોમાં સર્જન શક્તિ વધારી તેમને આર્થિક રીતે પગભર કરવાનો છે. કારીગરના સશક્તિકરણ માટે આ યોજના મહત્ત્વપૂર્ણ સાબિત થશે.**
- ભારતના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવા અને આવનારી પેઢીઓ માટે તેની જાળવણીનો આ સંકલ્પ છે.
- **આ યોજનાનો હેતુ ડિજિટલ સશક્તિકરણને પ્રોત્સાહિત કરવાનો છે.**

**માનનીય અદયક્ષ શ્રી,**

**પીએમ વિશ્વકર્મા યોજનાથી મળનારા લાભ વિષે ચર્ચા કરીએ તો,**

- **લગભગ દેશના લાખો પરિવારોને આ યોજનાનો લાભ મળવાનો છે તેઓ અંદાજ છે.**
- સફળ રજિસ્ટ્રેશન બાદ લાભાર્થીને **પીએમ વિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડી કાર્ડ.**
- કૌશલ્ય ચકાસણી પછી, **લાભાર્થીઓને ઈ–વાઉચર સ્વરૂપે રૂ.15,000/– ની ટૂલકિટનો લાભ.**
- **લાભાર્થીઓને દૈનિક રૂ.500/– ના સ્ટાઈપન્ડ** સાથે **બેઝિક કૌશલ્ય તાલીમ**.

- બેઝિક કૌશલ્ય તાલીમ બાદ લાભાર્થીને **18 મહિનાની મુદત સાથે રૂ.1 લાખ સુધીની કોલેટરલ ફ્રી લોન 5% ના રાહત દરે મળવા પાત્ર છે.**
- જે કુશળ લાભાર્થીઓ સ્ટાન્ડર્ડ લોન એકાઉન્ટ જાળવશે અને જેમણે ડિજિટલ વ્યવહારો અપનાવ્યા છે અથવા એડવાન્સ કૌશલ્ય તાલીમ લીધી છે, તેઓ **30 મહિનાના સમયગાળા સાથે ₹2 લાખ સુધીની બીજી લોન એ પણ 5% ના રાહત દરે મળવા પાત્ર છે.**
- કારીગરો ડિજિટલ ટ્રાન્ઝેક્શન ઈન્સેન્ટિવ્સ દ્વારા **પ્રતિ ટ્રાન્ઝેક્શન દીઠ રૂ. 1, દર મહિને 100 વ્યવહારોની મહત્તમ મર્યાદા સુધી આપવામાં આવશે.**

## રજીસ્ટ્રેશન

- ગુજરાતમાં **કુલ 14287 ગ્રામ પંચાયતોમાં 13967 જેટલા સરપંચશ્રીઓનું** લોગીન કામ પૂર્ણ થયું છે. (98%).
- **સમગ્ર ગુજરાતમાંથી 4.50 લાખથી વધુ એપ્લિકેશન આ યોજના અંતર્ગત પ્રાપ્ત થઈ છે. અંદાજે 92 હજારથી વધુ લોકોની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. અન્ય અરજીઓ પ્રોસેસ હેઠળ છે.**
- પરંપરાગત કામગીરી કરતાં કારીગરોને **કુંટુંબ દીઠ એક સભ્ય સુધી આ યોજનાનો લાભ મળી શકશે.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

**લુહાર:-**

બાળક જન્મ લે ત્યારે નાળ કાપનાર કાતર હોય કે ખેડૂત માટે જરૂરી હળ કે દાતરડું હોય કે લુહાર સમાજનો હથોડો હોય. કહેવત છે ને, **“સો સુનાર કી એક લુહાર કી” સાચા અર્થમાં આ લુહારનું કોણ?** **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**મોચી:-**

પગરખાં એટલે રોડ ઉપર બેસી આપણી ચિંતા કરતાં કે મોટા શો રૂમમાં વેચાતાં. તે પગરખા બનાવનાર મોચી સમાજને વિશ્વકર્મા યોજનામાં સામેલ કરવા જેણે લોકોની ચિંતા કરી તેમની ચિંતા એટલે **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**વાળંદ:-** માનવીની સુંદરતામાં વધારો કરતાં વાળંદ સમાજના જીવનમાં બ્યુટી ઉમેરવાનું કામ કોણે કર્યું? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**સોની:-**

ભગવાનના આભૂષણ હોય કે બહેનોના ઘરેણાં...મહિલાની શોભા વધારનાર ઘરેણાં બનાવનાર કોણ ? સોની

**પરંપરાગત કારીગરોની કુશળતા જળવાઈ રહે એટલે વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી.**

## કડિયા કામ

પી.એમ. આવાસ યોજના હોય કે ઘરના ઘરનું સપનું

**હમણાં જ 1,30,000 આવાસ આપ્યાં છે અને સમગ્ર દેશમાં 4 કરોડથી વધારે આવાસ આપ્યાં.**

લોકોના સપના પૂરા કરવાનું કામ કડિયા સમાજનું પણ એમના સપના કોણ પૂરા કરે ? **તો તે છે વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## સુથાર:-

**જીતે લકડી, મરતે લકડી**

**દેખ તમાશા લકડી કા**

જન્મથી મૃત્યુ સુધી માનવના જીવન સાથે જોડાયેલ લાકડું ઘડનાર સુથાર સમાજના જીવનનું ઘડતર કોણ કરશે ? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## દરજી:

વસ્ત્રો વિના માણસની કલ્પના અશક્ય છે. ઠંડી, ગરમી, વરસાદ સામે રક્ષણ અને સભ્ય માનવની ઓળખાણ વસ્ત્રોથી મળે છે.ત્યારે વસ્ત્રો બનાવનાર દરજી સમાજને ગૌરવ કોણ અપાવશે ?

**વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**ધોબી:** સ્વચ્છ કપડા માટે યોગદાન આપનાર એટલે ધોબી સમાજ. આપણને આપણી પર્સનાલીટી એટલે ચોખ્ખા – ઈસ્ત્રી ટાઈટ કપડાં. તેમના જીવનમાં તેમને ચોખ્ખા – ઈસ્ત્રી ટાઈટ કોણ રાખશે ? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**મૂર્તિકાર**

- વિશ્વકર્મા સમાજના **ગુજરાતના સોમપુરા પરિવારે અયોધ્યા રામ મંદિરની ડિઝાઈન તૈયાર કરી છે.** સોમપુરા પરિવારની 15મી પેઢી હાલમાં મંદિરોના ડિઝાઈનનું કામ કરી રહી છે.
- જેમણે અત્યાર સુધી અક્ષરધામ, સ્વામીનારાયણ મંદિર સહિત 131 થી વધારે મંદિરની ડિઝાઈન બનાવી ચૂક્યા છે.
- **અયોધ્યામાં બનેલ ભવ્ય રામ મંદિરના શિલ્પકાર અરુણ યોગીરાજ હોય કે સદીઓ સુધી યાદ રખાનાર દુનિયાનું સૌથી મોટું સરદાર સાહેબનું સ્ટેચ્યુ બનાવનાર રામચંદ્ર સુથાર.**
- એક પથ્થરમાંથી એક મૂર્તિકાર પોતાના હાથની કારીગરીથી મૂર્તિ બનાવે જેને લોકો ભગવાન માને છે તે શિલ્પકારના ભગવાન કોણ ? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**ફૂલહાર બનાવનાર:–** ભગવાનના શૃંગાર હોય કે લગ્નની મોસમ...દરેક સારા પ્રસંગે ફુલો શોભા વધારે. ફૂલો વગર ક્યાંથી ચાલે? ફૂલોની સુગંધ આપનાર માળી સમાજના જીવનમાં સુગંધ કોણ લાવશે ? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## રમકડા– ઢીંગલી બનાવનાર

લોકોના બાળકોના હસતાં ચહેરા રાખનાર રમકડા ઢીંગલી બનાવનારને કોણ હસ્તુ રાખશે? તેમના બાળકોને હસ્તા કોણ રાખશે?

**વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## કુંભાર:

પાણી પીવાનું માટલું હોય કે અંધકારને દૂર કરનાર કોડીયુ. **રામ મંદિરની પ્રતિષ્ઠાના આગલાં દિવસે 140 કરોડ ભારતીયોના ઘરે–ઘરે દિવાળીની જેમ દિવા પ્રગટ્યા હતાં.**

**આ માટી સાથે જોડાયેલ કુંભાર સમાજના જીવનમાં પ્રકાશ ફેલાવવાનું કામ કરનાર કોણ? વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## બખતર બનાવનાર:

દેશની રક્ષા કરનાર સૈનિકનું બખતર બનાવનાર સમાજનું રક્ષણ કોણ કરશે? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

## હથોડી કે ટુલકીટ બનાવનાર:

આ તમામ પરંપરાગત કારીગરોના ઓજારો– ટૂલ કીટ – હથોડી, વિવિધ ઓજારો બનાવનાર કારીગરની જીંદગી કોણ બનાવશે ? **વિશ્વકર્મા યોજના થકી મોદી કી ગેરંટી**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- **જિંદગી સંગીતમય બનાવનાર, ભજન કિર્તનના ઈન્સ્ટ્રુમેન્ટ બનાવનાર લોકોને પણ આ PM વિશ્વકર્મા યોજનામાં સામેલ કરવામાં આવેલ છે.**
- માનનીય મોદી સાહેબે પીએમ વિશ્વકર્મા યોજનામાં તાનપુરા, હાર્મોનિયમ, સિતાર જેવા મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ બનાવનાર લોકોને સામેલ કરી આર્થિક રીતે સુરક્ષા પૂરી પાડી છે.
- **સંગીતના સાધકો વતી પ્રસિદ્ધ ગાયક કૈલાશ ખેરજીએ આ અંગે પ્રધામંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો હતો**

## વિશ્વકર્મા સમાજની ગૌરવગાથા

- **વિશ્વકર્મા સમાજ પેન થી લઈ પ્લેન બનાવવામાં પોતાનું યોગદાન આપે છે**
- આધુનિક યુગનો વિશ્વકર્મા સમાજનો દીકરો ડિફેન્સ સેક્ટર હોય કે ફેશન ટેક્નોલોજી..
- અરે, દેશ વિદેશના મહેમાનોને મળવાનું થાય કે પછી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને વિદેશ મુલાકાત હોય.. જે આર્ટીજનની વસ્તુ દ્વારા સ્વાગત કરવામાં આવે છે તે પણ વિશ્વકર્મા સમાજ દ્વારા તૈયાર કરેલ હોય છે. **વોકલ ફોર લોકલના બ્રાન્ડ એમ્બેસેડર એટલે આપણાં નરેન્દ્ર મોદીજી.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- **કોંગ્રેસના રાહુલ ગાંધી જ્ઞાતિની વાત કરે છે  જ્યારે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી જ્ઞાન (GYAN) ની વાત કરે છે .**
- **ચાર વર્ગો–જ્ઞાન (GYAN) એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ પર ભાર મૂકેલ છે. આર્થિક વિકાસ અને સામાજિક સુરક્ષાના સુગમ સંયોગથી છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તેમજ તેમની આવક વધે તે સુનિશ્ચિત કરવાનું નક્કી કર્યું છે.**
- **દેશને જ્ઞાતિવાદના વાડામાંથી બહાર લાવી 5 ટ્રિલિયન ઈકોનોમીમાં સામેલ કરવા દેશને આર્થિક સદ્ધર બનાવવાની વાત કરો.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

**અમૃતકાળમાં ભારતનું અર્થતંત્ર બન્યું મજબૂત**

- **ભારત હવે 10માં નંબરથી ઉપર આવીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે.**
- **આગામી પાંચ વર્ષમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે.**
- **આજથી આગામી 25 વર્ષની યાત્રા નવા ભારતના સર્જનનો અમૃતકાળ છે.**
- આ અમૃતકાળમાં આપણા સંકલ્પોની સિદ્ધિ, આપણને આઝાદીના 100 વર્ષ સુધી લઈ જશે.
- વિશ્વની મોટી–મોટી કંપનીઓ આવીને વિશ્વકર્મા સમાજના બારણે ટકોરા મારે, તે ક્ષમતા વિશ્વકર્મા સમાજની અંદર લાવવા માગીએ છીએ.
- **આપણા વિશ્વકર્મા મિત્રો 'મેક ઇન ઈન્ડિયા'ની શાન છે.**
- **આપણો ઉદેશ આજના વિશ્વકર્મા સાથીઓને આવતીકાલના મોટા એન્ટરપ્રિનિયોર બનાવવાનું છે. તેના માટે તેમના બિઝનેસ મોડલમાં સ્થાયિત્વ જરૂરી છે.**
- **કોઈપણ મોટી વસ્તુ ખરીદો, જેમાં આપણા વિશ્વકર્મા મિત્રોની છાપ હોય, ભારતની માટી અને પરસેવાની મહેક હોય.**

## સરકાર હંમેશા લોકોની પડખે

- **ભાજપ સરકારનો કાર્યમંત્ર રહ્યો છે :-"હર હાથ કો કામ, હર કામ કા સન્માન".**
- **જેમ આપણે ભગવાન વિશ્વકર્માના ઉપદેશો પર ચિંતન કરીએ છીએ, ચાલો આપણે આધુનિક સમયના આર્કિટેક્ટ્સ, એન્જિનિયરો અને કારીગરોને પણ સ્વીકારીએ જેઓ તેમના વારસાને આગળ ધપાવે છે અને સમાજની પ્રગતિને વેગ આપે છે.**

મિત્રો, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી **વિકાસની રાજનીતિના બે દાયકાના ફળ આપણે સૌ ચાખી રહ્યા છીએ.** તેમણે ગુજરાતમાં રોજગારી આપવા અને ઉદ્યોગોના વિકાસ સાથે લોકોને ધંધા રોજગાર આપવા માટેનો સેવાયજ્ઞ શરૂ કર્યો છે. **તે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર આગળ ધપાવી રહી છે.**

1. **પી.એમ.વિશ્વકર્મા યોજના** દ્વારા **પરંપરાગત કારીગરોના જીવનમાં આર્થિક ઉત્કર્ષ** લાવનાર એટલે **મોદી કી ગેરંટી.**
2. **કિસાનોને પી.એમ.સન્માન નિધી અંતર્ગત સાચુ સન્માન** આપનાર એટલે **મોદી કી ગેરંટી.**
3. **અન્નદાતા ને ઉર્જાદાતા** બનાવવાનું કામ એટલે **મોદી કી ગેરંટી.**
4. **ઘરનું ઘર** એટલે **મોદી કી ગેરંટી.**
5. ઘરે ઘરે પહોંચ્યું **"નળથી જળ સ્વચ્છ પાણી"** એટલે **મોદી કી ગેરંટી.**
6. **ઉજ્જવલા યોજના** અંતર્ગત **મહિલાઓને LPG સિલિન્ડર** આપવા એટલે **મોદી કી ગેરંટી.**
7. **નારી શક્તિ વંદન અધિનિયમ** અંતર્ગત **મહિલાઓને સાચુ સન્માન** અપાવનાર એટલે **મોદી કી ગેરંટી.**
8. કોઈ નાગરીક ભૂખ્યો ના સુવે તે માટે **વિના મૂલ્યે અનાજનું વિતરણ** એટલે **મોદી કી ગેરંટી.**
9. **આયુષ્યમાન ભારત યોજના** દ્વારા દેશના **નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા** એટલે **મોદી કી ગેરંટી.**
10. **પ્રધાનમંત્રી મુદ્રા યોજના** દ્વારા **ઉદ્યોગ સાહસિકોને લોન** આપવી એટલે **મોદી કી ગેરંટી.**

11. દેશના **14 કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર** લાવવામાં આવ્યા એટલે **મોદી કી ગેરંટી.**
12. વિશ્વમાં ભારતના **અર્થતંત્રને પાંચમા નંબરે પહોંચાડી ત્રીજા નંબરે પહોંચાડવાની કટીબદ્ધતા** એટલે **મોદી કી ગેરંટી.**
13. **ડીજીટલ ઈન્ડીયાનું સ્વપ્ન** થયું સાકાર એટલે **મોદી કી ગેરંટી.**
14. **Make in India બનાવવાનો સંકલ્પ** એટલે **મોદી કી ગેરંટી.**
15. **"વોકલ ટુ લોકલ" નો સંકલ્પ** ચરિતાર્થ થવો એટલે **મોદી કી ગેરંટી.**
16. "એક દેશ મે **દો વિધાન,**
    **દો નિશાન** ઔર
    **દો પ્રધાન** નહીં ચલેંગે નહીં ચલેંગે" **કલમ 370 દૂર કરી – દેશને એક કરવાનું કામ** એટલે **મોદી કી ગેરંટી.**
17. **આતંકવાદ મુક્ત ભારત** એટલે **મોદી કી ગેરંટી.**
18. **ન્યુ એજ્યુકેશન પોલીસી** દ્વારા **શિક્ષણ ક્ષેત્રમાં નવીનતા** લાવવી એટલે **મોદી કી ગેરંટી.**
19. ભારતને **વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકો સીસ્ટમ બનાવવી** એટલે **મોદી કી ગેરંટી.**
20. કરોડો હિન્દુઓની આસ્થા સમાન **ભવ્ય રામ મંદિરનું નિર્માણ** એટલે **મોદી કી ગેરંટી.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- **ભારત હવે અટકવાનું નથી. આપણે ચાલતા રહેવાનું છે, નવા લક્ષ્યાંકો નક્કી કરતા રહેવાનું છે.**
- આપણે બધા સમાજને સાથે લઈને ચાલનારા છીએ ત્યારે એક કવિતાની પંક્તિઓનું સ્મરણ થવું સ્વાભાવિક છે .

**पथ का अन्तिम लक्ष्य नहीं है, सिंहासन चढ़ते जाना ।**
**सब समाज को लिये साथ में आगे है बढ़ते जाना ॥**
**इतना आगे इतना आगे, जिसका कोई छोर नहीं**
**जहाँ पूर्णता मर्यादा हो, सीमाओं की डोर नहीं**
**सभी दिशाएँ मिल जाती हैं, उस अनन्त नभ को पाना ॥**

આવો, ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ સાથે વિશ્વકર્મા સમાજની પ્રગતિ સાથે, **સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના** મંત્ર થકી **શ્રેષ્ઠ અને દિવ્ય ભારતના નિર્માણમાં આપણે સૌ સમર્પિત થઈએ.**

**દેશની 140 કરોડની આબાદીના વિકાસ માટે ભગવાન વિશ્વકર્માને યાદ કરવા માટે વૈશ્વિક નેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન.**

**.... જય જય ગરવી ગુજરાત ....**